CMYK

કૃષિ પ્રભાત
સાપ્તાહિકનું લવાજમ ભરવા આજે આપનાં એજન્ટનો સંપર્ક કરો.
લવાજમ માત્ર ₹.300
ફોન નં.0281-2461907

# કોમોડિટી વર્લ્ડ

RAJANI GROUP Since : 1975
રાજાણી ગ્રુપ એટલે જીવનભરનું અતુટ બંધન
પ્રિમિયમ દાણોચા 500 GM 140
સાથે ચીનો મગ ફ્રી
ડિલરશીપ માટે સંપર્ક કરો ૯૯૭૯૮ ૪૦૦૧૪
E-mail : info.rajanigroup@gmail.com
Website : www.rajanigroup.in

**ખાદ્યતેલ** — કપાસિયા વોશમાં મજબૂતાઈ: સિંગતેલ લૂઝમાં તેજી ટકી નહીં

**ઘઉં** — ઘઉંમાં ઓછી આવકો વચ્ચે ભાવમાં સરેરાશ સ્થિરતાનો માહોલ

**ડુંગળી** — લાલ ડુંગળીની આવકો વધતા ભાવમાં મણે રૂ.૧૦થી ૨૦નો ઘટાડો

**શેરબજાર** — શેરબજારનો ૫૦૦ પોઇન્ટનો ઉછાળો છેલ્લે અડધો થઇ ગયો...

www.ecommodityworld.com • COMMODITY WORLD RAJKOT રાજકોટ ૧૬ માર્ચ, ૨૦૧૯ શનિવાર મો. ૭૮૭૪૮ ૧૨૯૧૦ પાનાં ૦૬ Price : Rs.07.00 વર્ષ: ૧૬ અંક: ૧૦૪ RNI No. GUJ/GUJ/03/12943

# વૈશ્વિક બજારમાં ખાંડની ૪૦ લાખ ટનની ખાધ રહેશે

## ફ્રેંચની અગ્રણી શુગર કંપની સુકડેનનો નવી સિઝન માટેનો અંદાજ

## ભારત, થાઈલેન્ડ અને યુરોપનાં ઉત્પાદનનાં અંદાજો ઘટતા ખાધ વધશે

**કોમોડિટી સંવાદદાતા**
**અમદાવાદ તા.૧૫**

વૈશ્વિક ખાંડ બજારમાં આગામી વર્ષે તેજી જોવા મળે તેવી સંભાવનાં છે. વિશ્વની અગ્રણી ફ્રેંચ શુગર ટ્રેડિંગ કંપની સકડેનનાં અંદાજ પ્રમાણે ઓક્ટોબર મહિનાથી શરૂ થનારી આગામી સિઝન ૨૦૧૯-૨૦ દરમિયાન વિશ્વમાં ખાંડની કુલ ૪૦ લાખ ટનની ખાધ રહેવાનો અંદાજ છે. ખાસ કરીને ભારત, થાઈલેન્ડ અને યુરોપિયિ યુનિયનનાં ખાંડનાં ઉત્પાદનનાં અંદાજોમાં ઘટાડો કરવામાં આવતા આ ખાધ વધી છે.

બ્રાઝીલમાં શુગર કોન્ફરન્સમાં બોલતા સકડેન કંપનીનાં પ્રવકતાએ જણાવ્યું હતું કે થાઈલેન્ડમાં ખાંડનું ઉત્પાદન ૧૦ ટકા ઘટીને ૧૨૦ લાખ ટન થવાનો અંદાજ છે. થાઈલેન્ડનાં ખેડૂતોને બીજા પાકોમાં સારૂ વળતર મળ્યું હોવાથી તેઓઓ શેરડીનું વાવેતર ઘટાડ્યું છે. થાઈલેન્ડમાં સરકાર દ્વારા જયારથી શુગર ઉપરની સબસિડીમાં ઘટાડો કરવામાં આવ્યો છે ત્યારથી ઉત્પાદનમાં ૨૦ ટકાનો ઘટાડો થયો છે.



ભારતમાં ખાંડનું ઉત્પાદન નવી સિઝનમાં ઘટીને ૨૬૦થી ૨૭૦ લખ ટન થવાનો અંદાજ છ , જે ચાલુ વર્ષ દરમિયાન ૩૧૭ લાખ ટન થયું હતું. ભારતમાં શેરડીનાં વાવેતર વિસ્તારમાં પ્રતિકૂળ હવામાનને કારણે શેરડીનાં વાવેતરને અસર પહોંચી છે, જેને પગલે ઉત્પાદનમાં ઘટાડો થવાનો અંદાજ છે.

યુરોપમાં પણ શેરડીનાં નીચા ભાવને કારણે વાવેતર વિસ્તારમાં પાંચ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. વિશ્વમાં ચાલુ સિઝન વર્ષ દરમિયાન ૪ લાખ ટનની ખાધ અથવા તો ૧૯ લાખ ટનનો સરપ્લસ સ્ટોક રહે તેવા વિવિધ અંદાજો આવી રહ્યાં છે, પરંતુ આગામી વર્ષે તમામ એજન્સીઓ અને એનાલિસ્ટો ખાંડમાં ખાધ રહેવાનાં અંદાજો મૂકી રહ્યાં છે.

વિશ્વમાં ખાંડની ખાધ ઉભી થવાની સંભાવનાએ ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ન્યૂયોર્ક ખાતે કાચી ખાંડનો વાયદો હાલ ૧૨.૨૮ સેન્ટની સપાટી પર ટ્રેડિંગ કરી રહ્યો છે.

વૈશ્વિક બજારમાં ખાંડના ભાવ હાલ પ્રમાણમાં નીચા હોવાથી ભારતીય ખાંડની નિકાસ થાય તેવી સંભાવનાઓ ઓછી છે. કેન્દ્ર સરકારે કુલ ૫૦ લાખ ટન ખાંડનો નિકાસ ક્વોટા આપ્યો છે, પરંતુ ૩૦ લાખ ટન આસપાસ જ નિકાસ થાય તેવી સંભાવનાં વેપારીઓ વ્યક્ત કરી રહ્યાં છે. આગામી દિવસોમાં સરકાર દ્વારા એપ્રિલ મહિના માટેનો ખાંડનો ખુલ્લા બજારમાં વેચાણનો ક્વોટા પણ કેટલો જાહેર કરે છે તેનાં પર પણ સૌની નજર છે. માર્ચ મહિનાનો ક્વોટા ઊંચો જાહેર કરતાં ભાવ હાલ દબાયા છે, પરંતુ આગામી દિવસોમાં બજારો થોડી સુધરે તેવી ધારણાં છે. દેશની શુગર મિલો હવે ધીમે ધીમે બંધ થવા લાગી છે અને એપ્રિલ મહિનામાં મોટા ભાગની મિલો બંધ થઈ જાય તેવી સંભાવનાં વેપારીઓ વ્યક્ત કરી રહ્યાં છે. ઉનાળો શરૂ થતા જથ્થાબંધ માંગ પણ વધવાની ધારણાં છે.

## કુદરતના કામણ: ગગનમાં કેશરી રંગની રંગછટ્ટા...



આખું વર્ષ શાંત ચિત્તે ઉભેલ ખાખરાના વૃક્ષ ઉપર હોળી નજીક આવતાની સાથે કેશરિયા રંગની રંગછટ્ટા છવાઈ જાય, ત્યારે આપણે એને કેશુડો સોળેય કળાએ ખીલ્યાનું કહીએ છીએ. પલાસ કહો કે ખાખરાના વૃક્ષ ઉપર કેશરિયા ફૂલો ખીલી ઉઠે એટલે સીમ-વગડાની રોનકમાં નવી ચેતના પ્રગટ થતી હોય છે. આવા મન મોહક દ્રશ્યો જોઇ કવિઓની કલમમાંથી કવિતા સરી પડતી હોય છે. અહીં પ્રગટ તસવીર સૌરાષ્ટ્ર પંથકમાં જીરા અને ચણાના રિપોર્ટીંગની રખડપટ્ટી વખતે, ગગનમાં કેશરિયા રંગથી કુદરતે પાથરેલી રંગછટ્ટા કેમેરાની આંખે જોઈ શકાય છે.

તસવીર- રમેશ ભોરણિયા

## આજનું પંચાંગ

ભૂપેન્દ્ર ધોળકિયા, ૯૮૭૯૫ ૬૨૯૨૬

વિક્રમ સંવત ૨૦૭૫ ફાગણ સુદ દસમ. શનિવાર
**ચંદ્ર નક્ષત્ર** - પુનર્વસુ - ૨૬:૧૪ સુધી પછી પુષ્ય .
**સૂર્ય નક્ષત્ર** - પૂર્વભાદ્ર તા. ૧૮ માર્ચ સુધી. પછી ઉત્તરભાદ્ર.
**ચંદ્ર રાશિ** - મિથુન - ૨૦:૪૦ સુધી પછી કર્ક

| | આજ | આવતીકાલ | |
|---|---|---|---|
| | સૂર્યાસ્ત | સૂર્યોદય | નવકારશી |
| રાજકોટ | ૧૮-૩૫ | ૭-૨૬ | ૮-૧૪ |
| અમદાવાદ | ૧૮-૨૭ | ૭-૨૦ | ૮-૦૮ |
| જામનગર | ૧૮-૩૮ | ૭-૨૯ | ૮-૧૭ |
| ડીસા | ૧૮-૨૭ | ૭-૨૩ | ૮-૧૧ |

વિશેષ: -

## આજના અંકમાં ખાસ વાંચો

ચીનની ડીમાન્ડને સથવારે મલેશિયન પામતેલ વાયદામાં મંદીને બ્રેક લાગી નજીવો સુધારો
માટે જૂઓ પાના નંબર : 03

દાડમની ચાલું સિઝનના ભાવમાં દમ નથી...
માટે જૂઓ પાના નંબર : 06

# રિફાઈન્ડ ખાદ્યતેલની ડ્યૂટી ઘટતા આયાત બે મહિનામાં ૮૫% વધી

## ફેબ્રુઆરીમાં રિફાઈન્ડ ખાદ્યતેલની આયાત પાંચ મહિનની ટોચે પહોંચી: કુલ ૨.૪૧ લાખ ટનની આયાત

**કોમોડિટી સંવાદદાતા**
**અમદાવાદ તા.૧૫**

કેન્દ્ર સરકાર દ્વારા પહેલી જાન્યુઆરીથી પામતેલની આયાત ડ્યૂટીમાં ઘટાડો કરવામાં આવતા અને રિફાઈન્ડ-ક્રૂડ પામતેલ વચ્ચેને ડ્યૂટી ફરક ઘટીને માત્ર પાંચ ટકાએ પહોંચી ગયો હોવાથી દેશમાં રિફાઈન્ડ ખાદ્યતેલની આયાતમાં બે મહિનમાં ૮૫ ટકાનો વધારો થયો છે. જ્યારે તમામ ખાદ્યતેલની આયાત જાન્યુઆરીની તુલનાએ ફેબ્રુઆરીમાં મામૂલી વધી છે.

સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (સી)નાં આંકડાઓ પ્રમાણે ફેબ્રુઆરી મહિનામાં તમામ ખાદ્યતેલની આયાત કુલ આગલા માસની તુલનાએ ૨.૩૬ ટકા ઘટીને ૧૧.૮૨ લાખ ટનની થઈ છે, જે જાન્યુઆરી મહિનામાં ૧૨.૧૦ લાખ ટનની થઈ હતી. જોકે ફેબ્રુઆરીમાં એક માત્ર ક્રૂડ પામતેલની આયાત જ ૨૩ ટકા ઘટી હોવાથી કુલ આયાતમાં મામૂલી ઘટાડો થયો છે, એ સિવાયનાં તમામ ખાદ્યતેલની આયાત વધી છે. રિફાઈન્ડ પામતેલની આયાત જાન્યુઆરીની તુલનાએ ફેબ્રુઆરીમાં ૪૪ ટકા વધી છે. ફેબ્રુઆરીની રિફાઈન્ડ પામતેલની આયાત પણ પાંચ મહિનાની સૌથી વધુ આયાત છે. આ અગાઉ સપ્ટેમ્બર ૨૦૧૮માં ૨.૪૫ લાખ ટનની આયાત થઈ હતી.

સીનાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડો.બી.વી.મહેતાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા પહેલી જાન્યુઆરીથી ક્રૂડ અને રિફાઈન્ડ પામતેલની ડ્યૂટીમાં ફેરફાર થત્તા બંને તેલની ડ્યૂટીનો ફરક ૧૦ ટકાથી ઘટીને પાંચ ટકા કરવામાં આવ્યો હોવાથી રિફાઈન્ડની આયાત વધી છે. ડિસેમ્બર મહિનામાં ૧.૩૦ લાખ ટનની આયાત સામે ફેબ્રુઆરીની આયાત ૮૫ ટકા વધીને ૨.૪૧ લાખ ટનની આયાત થઈ છે. આગામી મહિનામાં પણ રિફાઈન્ડ પામતેલની આયાતમાં વધારો થાય તેવી ધારણાં છે. પરિણામે દેશની પામતેલની રિફાઈનરી ઉપર પણ ખતરો મંડરાયેલો છે. કેન્દ્ર સરકારે તાત્કાલિક અસરથી બંને તેલની વચ્ચેની ડ્યૂટીનો ફરક વધારવો જોઈએ.



| દેશમાં છેલ્લા બે મહિના દરમિયાન ખાદ્યતેલની આયાત (ટનમાં) | | | |
|---|---|---|---|
| તેલનું નામ | જાન્યુઆરી | ફેબ્રુઆરી | વધઘટ (ટકામાં) |
| રિફા.પામતેલ | ૧૬૭૪૨૯ | ૨૪૧૧૦૧ | 44.00 |
| ક્રૂડપામતેલ | ૬૪૫૩૦૮ | ૪૯૭૬૫૫ | -22.88 |
| સનફ્લાવર | ૨૦૦૦૨૭ | ૨૦૦૩૫૮ | 0.17 |
| રાયડાતેલ | ૯૪૩૪ | ૯૬૨૫ | 2.02 |
| સોયાતેલ | ૧૮૫૯૦૬ | ૨૨૦૩૭૬ | 18.54 |
| ક્રૂડપામ કર્નલ | ૨૪૯૯ | ૧૨૯૪૭ | 418.09 |
| કુલ આયાત | ૧૨૧૦૬૦૩ | ૧૧૮૨૦૬૨ | -2.36 |

### પોર્ટ ઉપર સ્ટોકની સ્થિતિ

દેશમાં વિવિધ પોર્ટ પર પહેલી માર્ચનાં રોજ કુલ ૯.૧૫ લાખ ટનનો સ્ટોક પડ્યો છે, જેમાં ક્રૂડ પામતેલનો ૪.૭૦ લાખ ટન, રિફાઈઈન્ડનો ૨.૩૫ લાખ ટન, સોયાડીગમનો ૯૦ હજાર ટન અને સનફ્લાવરનો ૧.૨૦ લાખ ટનનો સ્ટોક પડ્યો છે. જ્યારે પાઈપલાઈનમાં કુલ ૧૨.૮૦ લાખ ટનનો સ્ટોક પડ્યો છે. પોર્ટ ઉપર કુલ સ્ટોક આગલા માસની તુલનાએ ૮૫ હજાર ટન વધીને ૨૧.૧૦ લાખ ટનનો સ્ટોક રહ્યો છે.

# નોન બાસમતી ચોખાની નિકાસ રાહતો માર્ચ પછી પણ લંબાવવા માંગ

**કોમોડિટી સંવાદદાતા**
**અમદાવાદ તા.૧૫**

દેશમાંથી નોન બાસમતી ચોખાની નિકાસમાં ઘટાડો થઈ રહ્યો છે અને ભારત આફ્રીકન દેશોનું સૌથી મોટું બજાર ગુમાવી રહ્યું છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર દ્વારા નોન બાસમતી ચોખાની નિકાસ પરની પાંચ ટકાની રાહતો લંબાવવામાં આવે તેવી માંગણી નિકાસકારો દ્વારા થઈ રહી છે. ખાસ કરીને વિયેતનામ, મ્યાનમામર અને પાકિસ્તાન જેવા હરીફ દેશો સાથે ટકવું ભારત માટે મુશ્કેલરૂપ બની ગયું છે. દેશમાં ડાંગરનાં ટેકાનાં ભાવમાં વધારો થયો હોવાથી ચોખાનાં ભાવ સરેરાશ ઊંચા આવ્યાં છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગત ૨૫મી નવેમ્બરથી મર્ચન્ડાઈઝ એક્સપોર્ટ ફોર્મ ઈન્ડિયા સ્કીમ હેઠળ નોન બાસમતી ચોખાની નિકાસ ઉપર પાંચ ટકાની રાહતો જાહેર કરી હતી, જેની મુદત ૨૫મી માર્ચે પૂરી થઈ રહી છે અને સરકાર દ્વારા હજી સુધી આ અંગેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

રાઈસ એક્સપોર્ટ એસોસિએશનનાં પ્રમુખ બી.વી ક્રિષ્નારાઉએ જણાવ્યું હતું કે હાલનાં તબક્કે ૨૫મી માર્ચ પછી આ યોજના ચાલુ રખાશે તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી, પરિણામે બજારમાં અનિશ્ચિતતાનો માહોલ છે.

ચોખાનાં નિકાસકારોએ આ રાહતો ૨૦૨૦ સુધી ચાલુ રાખવાની માંગણી કરી છે. આ ઉપરાંત અમારી એવી પણ માંગણી છે કે સરકાર દ્વારા નિકાસ ઉપરની રાહતો પાંચ ટકાથી વધારીને ૧૦ ટકા કરવામાં આવે તો જ ભારતીય ચોખાની નિકાસમાં વધારો થઈ શકે તેમ છે, એ સિવાય વધારો શક્ય નથી. હાલમાં રૂપિયામાં વોલેટાલિટીને કારણે પણ નિકાસમાં પડતર નથી તેમ રાઉએ જણાવ્યું હતું. સરકાર દ્વારા આ સ્કીમની નવેમ્બરમાં જાહેરાત કરવામાં આવી એ સમયે રૂપિયો ૭૪ હતો, જેની સામે હાલ ૬૯ ચાલી રહ્યો છે.

વૈશ્વિક બજારમાં મ્યાનમાર બ્રોકન ચોખાનું વેચાણ ૨૯૫ ડોલર પ્રતિ ટનનાં ભાવથી કરે છે, જ્યારે પાકિસ્તાનનાં ભાવ ૩૨૦ ડોલર અને વિયેતનામનાં ભાવ ૩૩૦ ડોલરનાં છે. જ્યારે ભારતનાં ભાવ સૌથી ઊંચા ૩૫૦ ડોલર પ્રતિ ટનનાં ભાવ છે. ડાંગરનાં ટેકાનાં ભાવ ઊંચા હોવાથી ચોખાની પડતર પણ ઊંચી આવે છે, પરિણામે નિકાસ હરિફાઈમાં ભારત ટકી શકે તેમ નથી.

# મહારાષ્ટ્રમાં ખેડૂતોની દેવા માફી પછી પણ ૪૫૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી

**કોમોડિટી સંવાદદાતા**
**અમદાવાદ તા.૧૫**

દેશમાં અગ્રણી રાજ્ય એવા મહારાષ્ટ્રમાં ખેડૂતોનાં આપઘાતનાં કિસ્સાઓમાં મોટો વધારો થયો છે. મહારાષ્ટ્રમાં આરટીઆઈમાં સરકારે આપેલી સત્તાવાર માહિતી પ્રમાણે રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષ ૨૦૧૪થી ૨૦૧૮ દરમિયાન કુલ ૧૪૦૩૪ ખેડૂતોએ આત્મહત્યાં કરી છે, જ્યારે રાજ્ય સરકારે જૂન ૨૦૧૭માં દેવા માફીની જાહેરાત કરી ત્યાર બાદ પણ કુલ ૪૫૦૦ ખેડૂતોએ આપઘાત કર્યો છે. આમ દેવા માફીની યોજના પણ ખેડૂતોને આપઘાત કરતા રોખી શકી નથી.

મુંબઈનાં આરટીઆઈ એક્ટિવિસ્ટ જિતેન્દ્ર ઘાડજેએ મહારાષ્ટ્ર સરકારમાં કરેલી આરટઆઈનાં જવાબમાં આ આંકડાઓ સામે આવ્યાં છે. મહારાષ્ટ્રની સરકારે જૂન ૨૦૧૭માં કુલ રૂ.૩૪,૦૦૦ કરોડનાં દેવા માફ કર્યાં હતાં. આ માફી બાદ જૂન ૨૦૧૭થી ડિસેમ્બર ૨૦૧૭ દરમિયાન કુલ ૧૭૫૫ ખેડૂતોએ આત્મહત્યા કરી છે, જ્યારે ૨૦૧૮માં કુલ ૨૭૬૧ ખેડૂતોએ આત્હત્યા કરી છે.

મહારાષ્ટ્રની સરકારે રાજ્યનાં ૮૯ લાખ ખેડૂતોને રાહત થાય એ હેતુંથી દેવા માફીની જાહેરાત કરી હતી, પરંતુ સરકાર ખેડૂતોને આત્મહત્યા કરતાં રોખી શકી નથી તેમ જિતેન્દ્રએ જણાવ્યું હતું. મહારાષ્ટ્ર સરકારનો દેવા માફીનો ઐતિહાસિક નિર્ણય હતો.

મહારાષ્ટ્રનાં નેશનલ હ્યમૂન રાઈટ્સ કમિશનનાં આંકડાઓ પ્રમાણે મહારાષ્ટ્રમાં જાન્યુઆરી ૨૦૧૧થી ડિસેમ્બર ૨૦૧૪ દરમિયાન ૬૨૬૮ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી, જ્યારે જાન્યુઆરી ૨૦૧૧થી ડિસેમ્બર ૨૦૧૪ દરમિયાન કુલ ૧૧૯૯૫ ખેડૂતોએ આત્મહત્યા કરી છે.

મહારાષ્ટ્રમાં ખેડૂતો ઉપર વ્યાજખોરોનું દબાણ, લોન ચૂકવવાની ચિંતા, પાક નિષ્ફળ જવો સહિતનાં કારણોને લીધે આત્મહત્યા કરી હોવાનું સામે આવે છે.

# વૈશ્વિક ઘઉંનાં ઉત્પાદનમાં ચાર ટકાનો વધારો થવાનો અંદાજ

**કોમોડિટી સંવાદદાતા**
**અમદાવાદ તા.૧૫**

વૈશ્વિક બજારમાં ઘઉંનાં ઉત્પાદનમાં ચાલુ કેલેન્ડર વર્ષમાં ચાર ટકાનો વધારો થવાનો અંદાજ છે. ખાસ કરીને યુરોપિયન યુનિયન અને રશિયામાં ઉત્પાદન વધવાને પગલે ઉત્પાદન વધશે તેમ એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ફોર્મેશન સિસ્ટમ દ્વારા જણાવામાં આવ્યું હતું.

એએમઆઈએસનાં અંદાજ પ્રમાણે વિશ્વમાં ઘઉંનું ઉત્પાદન ૨૦૧૯માં ૭૫૭૪ લાખ ટન થવાનો અંદાજ છે, જે ગત વર્ષે ૭૨૮૩ લાખ ટન થયું હતું. વિશ્વમાં ૨૦૧૭નાં વર્ષમાં ઘઉંનું ઉત્પાદન ઓલટાઈમ હાઈ ૭૫૯૪ લાખ ટન થયું હતું. ફુડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઈઝેશનનાં સહયોગથી આ ઘઉંનો અંદાજ મૂકવામાં આવ્યો છે તેમ સંસ્થાએ જણાવ્યું હતું.

યુરોપિયન યુનિયનમાં ઘઉંનું ઉત્પાદન ૮.૩૬ ટકા વધીને ૧૪૯૦ લાખ ટન થવાનો અંદાજ છે, જે ૨૦૧૮માં છ વર્ષનાં તળિયે ૧૩૭૪ લાખ ટન થયું હતું. ફાઓનાં અહેવાલ પ્રમામે યુરોપમાં વાવેતર વિસ્તારમાં ત્રણ ટકાનો વધારો થયો હતો, પરંતુ ચાલુ વર્ષે પાકની સ્થિતિ સારી હતી અને નુકસાન મર્યાદીત જ થયું હોવાથી ઉત્પાદન સારૂ થવાનો અંદાજ છે. રશિયામાં ઘઉંનું ઉત્પાદન આગલા વર્ષની તુલનાએ ૧૦ ટકા વધવાનો અંદાજ છે. યૂક્રેનમં ૨૪૬ લાખ ટનથ વધીને ૨૬૫ લાખ ટનનું ઉત્પાદન થવાનો અંદાજ છે.

**અક્ષીતા કોટન લિમિટેડ**
**સીઆઇએન: યુ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯**
**રજિસ્ટર્ડ ઑફિસ:** સર્વે ક્રમાંક 324 357 358, કડી થોલ રોડ, બોરીસના, કડી, મહેસાણા - 382 715, ગુજરાત.
**વેબ સાઇટ:** www.axitacotton.com; **ઇ-મેઇલ:** cs@axitacotton.com; **મોબાઇલ નં.:** +૯૧ - ૬૩૫૮૭ ૪૭૫૧૪

**વિશેષ સામાન્ય મીટિંગની સૂચના અને બુક ક્લોઝર**

**આથી નોટિસ આપવામાં આવે છે કે;**

1. અક્ષીતા કોટન લિમિટેડ (કંપની) ના શેરહોલ્ડરોની વિશેષ સામાન્ય સભા ("સામાન્ય સભા") તારીખ: ૧૨/૦૪/૨૦૧૯, શુક્રવાર, ના દિવસે સાંજના ૦૩:૩૦ વાગ્યે રજિસ્ટર્ડ ઓફિસ પર એટલે કે સર્વે ક્રમાંક 324 357 358, કડી થોલ રોડ, બોરીસના, કડી, મહેસાણા - 382 715, ગુજરાત પર મેસર્સ મનીષ દવે એન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અમદાવાદ (ફર્મ નોંધણી નંબર: ૦૧૧૮૩૯૬W) ના રાજીનામાને લીધે ખાલી થયેલી જગ્યાએ નવા વૈધાનિક ઓડિટરની નિમણૂંક કરવા માટે યોજવામાં આવશે.
2. કંપનીના શેરો, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (મૂડીના ઇશ્યૂ અને જાહેરાત જરૂરિયાતો) નિયમો, ૨૦૧૮ ના પ્રકરણ IX તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (મૂડીના ઇશ્યૂ અને જાહેરાત જરૂરિયાતો) નિયમો, ૨૦૦૯ ના પ્રકરણ XB ની દ્રષ્ટિએ બીએસઇ લિમિટેડ પર સૂચિબદ્ધ છે જેના લીધે કંપનીએ, કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ હેઠળ શેરહોલ્ડરોને ઇ-વોટિંગ સુવિધા પૂરી પાડવાની જરુર નથી. તેથી વિશેષ સામાન્ય સભામાં મતદાન કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૯ મુજબ મતદાનની માંગણી કરીને હાથ ધરવામાં આવશે.
3. વિશેષ સામાન્ય સભાના હેતુ માટે કંપની ના શેરહોલ્ડરોના નોંધણીપત્રક અને શેર ટ્રાન્સફર બુક્સ તારીખ: ૦૬/૦૪/૨૦૧૯, શનિવાર ના દિવસથી તારીખ: ૧૨/૦૪/૨૦૧૯, શુક્રવાર ના દિવસ સુધી (બંને દિવસ સહિત) બંધ રાખવામા આવશે. કંપનીના શેરહોલ્ડરોના નોંધણીપત્રક અને શેર ટ્રાન્સફર બુક્સ તારીખ: ૧૩/૦૪/૨૦૧૯, શનિવાર ના દિવસથી ખુલશે. જે શેરહોલ્ડરોના નામો શેરહોલ્ડરોના નોંધણીપત્રકમાં અથવા ડિપોઝિટરી દ્વારા નોંધાયેલા નોંધણીપત્રકમાં, તારીખ: ૦૫/૦૪/૨૦૧૯, શુક્રવાર, ના દિવસે નોંધાયેલા હશે, તે શેરહોલ્ડરો સામાન્ય સભામાં મત આપવાના હકદાર રહેશે.
4. વિશેષ સામાન્ય સભાની નોટિસની ઇલેક્ટ્રોનિક કોપી એ બધા શેરહોલ્ડરોને કે જેમના ઇમેઇલ ખાતા કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ઓ) સાથે નોન્ધાયેલા છે તેમને મોકલી આપવામાં આવેલ છે. બીજા બધા શેરહોલ્ડરો કે જેમના ઇમેઇલ ખાતા કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ઓ) સાથે નોન્ધાયેલા નથી તેમને નોટિસની નકલો મંજૂરી મોડમાં તેમના નોન્ધાયેલા સરનામાં પર મોકલવામાં આવેલ છે.
5. વધુમાં આ સામાન્ય સભાની નોટીસ કંપનીની વેબસાઈટ www.axitacotton.com પર પણ ઉપલબ્ધ છે.
6. આ સામાન્ય સભાની સાથે સંકળાયેલી કોઇપણ પ્રશ્ન અથવા ફરિયાદને કંપનીના કંપની સચિવને ઇ-મેલ cs@axitacotton.com પર સંબોધવામાં આવી શકે છે.

**બોર્ડના આદેશ દ્વારા**
**અક્ષીતા કોટન લિમિટેડ**
--sd—
**કુશલ પટેલ, વહીવટી સંચાલક**
**ડીઆઇએન: ૦૬૬૨૬૬૩૯**

**સ્થાન:** બોરીસાના, મહેસના
**તારીખ:** ૧૫/૦૪/૨૦૧૯

CMYK